# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૧/૦૨/૨૦૨૧

**કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહે કર્ણાવતી મહાનગર ખાતે પરિવાર સાથે મતદાન કર્યું.**

-------------

**રાજ્યની ગૌરવશાળી જનતાને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી જંગી મતદાન કરવા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે અપીલ કરી.**

--------------

**ગુજરાતના પનોતાપુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાંથી વિકાસની અવિરત યાત્રા ચાલુ થઇ હતી. - શ્રી અમિતભાઇ શાહ**

------------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે કર્ણાવતી મહાનગર ખાતે પરિવાર સાથે બુથ નં. ૩૮ નારણપુરા સબઝોનલ કચેરી, કામેશ્વર મહાદેવ પાસે, અંકુર ચાર રસ્તા ખાતે મતદાન કર્યું હતું, મતદાન કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મિડીયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના શ્રીગણેશ થઇ ગયાં છે. ગુજરાતના પનોતાપુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાંથી વિકાસની અવિરત યાત્રા ચાલુ થઇ હતી. આ વિકાસયાત્રાને ચાલુ રાખવા માટે ગુજરાતની ગૌરવશાળી જનતા છ મહાનગરપાલિકા ઉપરાંત આગામી દિવસોમાં યોજાનાર નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં વિકાસયાત્રાને જાળવી રાખવા મતદાન કરશે. શ્રી શાહે રાજ્યની ગૌરવશાળી જનતાને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી જંગી મતદાન કરવા અપીલ કરી હતી.

**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર,**